ક્રિ.કેસ નં. ૫૦૪૨/૨૦૨૧
આંક–

**૨૮ માં એડી. સીનીયર સિવીલ જજ અને એડી. ચીફ જ્યુ. મેજી., વડોદરા**

**શ્રી સરકાર** ......... **ફરીયાદી**
**વિ.**
**મકસુદભાઈ યાકુબદીન મલેક વિગેરે** .......... **આરોપી**

**ગુન્હો : જુગારધારા કલમ – ૧૨ મુજબ**

**:: હુકમ ::**
**(ગુન્હા કબુલાત કરતા)**

(૧) આ કામના આરોપી સામેના હાલના કામના ગુન્હાની વિગત મુજબ તેઓ જુગારધારા મુજબ પ્રતિબંધિત એવી જુગારની રમત જાહેરમાં રમતા મળી આવેલા અને જે તે સમયે તેઓ પાસેથી જુગાર રમવામાં ઉપયોગમાં લેવાયેલ રોકડ રકમ, વાહન, મોબાઈલ વિગેરે કબજે લેવામાં અવોલ. આ અંગે તેઓ સામે આ હાલનું ચાર્જશીટ રજુ રાખવામાં આવેલ છે.

(૨) ગુન્હાના કામે આરોપી હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ, ત્યારબાદ આજરોજ આરોપીએ તેઓ સ્વેચ્છાએ તેમના સામેનો આ ગુન્હો કબુલ કરવા માંગતા હોવાનું જણાવી તે અંગે કબુલાત પુરશીસ રજે કરેલ છે તથા તેઓનો પ્રથમ ગુન્હો હોય ગરીબ માણસ હોય રહેમ નજર રાખી ઓછી સજા કરવા અરજ કરેલ છે. આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ તેમાં પણ આરોપીએ ગુન્હો કબુલ હોવા લખી આપેલ છે.

(૩) કેસની હકીકત તથા આરોપીનો આ પ્રથમ વખતનો ગુન્હો હોવાની રજુઆત ધ્યાને લેતાં આરોપીને કાયદા મુજબ થઈ શકે તે પુરેપુરી સજા નહી કરવા માત્ર દંડ કરવામાં આવે તો તે પણ યોગ્ય અને ન્યાયીક હોવાનું જણાય છે. આ સંબંધે '**નટવર હરચંદ વિ. સ્ટેટ ઓફ ગુજરાત (જી.એલ.આર. ૨૦૦૫ પેજ નં.૭૦૯)**' ના ચુકાદામાં નામદાર હાઈકોર્ટે ઠરાવેલ બાબતો વંચાણે લઈ નીચે મુજબનો ન્યાયીક હુકમ કરવામાં આવે છે.

**: હુકમ :**

(૧) આ કામના આરોપીઓને પ્રત્યેક આરોપી દીઠ **<u>૨૦૦/–</u>** નાઓને ક્રિ.પ્રો.કોડની કલમ –૨૫૨ મુજબ તેઓ સામેના આક્ષેપીત **જુગારધારા કલમ–૧૨** મુજબના ગુન્હાના કામે તકસીરવાન ઠરાવવામાં આવે છે અને આરોપીને રૂા.૨૦૦/– (અંકે રૂપીયા બસો પુરા) દંડ કરવામાં આવે છે.**(કુલ દંડ રૂા. ૧,૪૦૦/–)** (અંકે રૂપીયા ચૌદસો પુરા)

(૨) દંડની રકમ ભરપાઈ કરવાની કસુર બદલ દિન–૧ ની સાદી કેદની સજા કરવામાં આવે છે.

(૩) અપીલ સમય વિત્યે મુદ્દામાલ રોકડ સરકાર ખાતે લેવા, મુદ્દામાલ પત્તા પાનાનો નાસ કરવા અને મુદ્દામાલ વાહન અંગે વચગાળાના તબકકે કરવામાં આવેલ હુકમ કાયમ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૦/૦૭/૨૦૨૧

દશરથસિંહ જાલમસિંહ પરમાર
૨૮ માં એડી.સીની.સિવીલ જજ અને
એડી. ચીફ જ્યુ.મેજી., વડોદરા.
જી.જે.૦૧૧૭૧